હમ્દ ૭૮૬/૯૨ નાયત

હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા

રહમતુલ્લાહ અલયહેનો

જીકરીઓના અણમોલ રત્નો



મહમૂદ ભૂકે ભોજન દીજેં તરસા દીજેં પાની
ઓછા સીતીં નમકર ચલેં કોઇ મોટમ મન ન આણે

મહમૂદ પેરાયું કહેરે સાત નહાવે આઠ
લુણ જીનુકા ખાવ્હેં તેની સામીં હોવેં

સંપાદક

પ્રોફેસર સૈયદ કાઝી નસીરમિયાં મહમૂદમિયાં

અલકાદિરી, ચિશ્તી, કલોલવી

પ્રકાશક ફોન : ૦૨૮૨૫-૨૨૪૭૮૬

સુન્ની મુસ્લિમ કમિટી

ઈમામ અહમદ રઝા મંઝીલ, પેરી દરવાજા, ગોંડલ-૩૬૦૩૧૧ (ગુજરાત)

ઝેરે સરપરસ્ત

હઝરત પીરે તરીકત શૈખુલ મશાઈખ ઉસ્તાદુલ ઉલમા અલ્હાજ
સૈયદ કમરૂદ્દીન બાવા સાહબ દરિયાઇ અશરફી કારંટવી (ફાઝીલે શાહી)

કિતાબનું નામ : જીકરીઓના અણમોલ રત્નો

સંપાદક : પ્રોફેસર સૈયદ કાઝી નસીરમિયાં મહમૂદમિયાં
અલકાદિરી, ચિશ્તી, કલોલવી
સાબિક હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ - ઉર્દૂ-ફારસી તથા ઇસ્લામિક
સંસ્કૃતિ વિભાગ - ગુજરાત કોલેજ, અમદાવાદ-૬
"મહમૂદ નઝર" ૧/એ પ્રાચીના સોસાયટી,
જુહાપુરા, સરખેજ રોડ, અહમદઆબાદ-૫૫.

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦

પ્રકાશન નં. : ૩૨૬

પ્રકાશન વર્ષ : હીજરી ૧૪૩૯ - વર્ષ - ૨૦૧૮

મુદ્રક : ડીઝાઇન ડોટ પ્રિન્ટર્સ (મદની ગ્રાફીકસ) નડિયાદ.

હદીયો : પોસ્ટ કાર્ડ લખીને જ નીચેના સરનામેથી મફત મેળવો.
(મંગાવનારે પોસ્ટ કાર્ડ અવશ્ય લખવાનો રહેશે.)

પ્રમુખ ખલીફ-એ મુફતીએ ગુજરાત
અલ્હાજ મોહંમદ સુલેમાનભાઇ જુમ્માભાઇ ઇસાણી બરકાતી, દરિયાઇ

ઉપપ્રમુખ પીરે તરીકત વ ખલીફ-એ મુફતીએ ગુજરાત અલ્હાજ
સૈયદ મોહંમદમિયાં હાજી અબ્દુલમજીદમિયાં નાગાણી બરકાતી, દરિયાઇ

પ્રકાશક

ફોન : ૦૨૮૨૫-૨૨૪૭૮૬

સુન્ની મુસ્લિમ કમિટી

ઈમામ અહમદ રઝા મંઝીલ, વેરી દરવાજા, ગોંડલ-૩૬૦૩૧૧ (ગુજરાત)

ઈલ્તીજા હૈ કિ ઈસ કીતાબ કો અપની મોબાઈલ કી મૈમોરી મે સેવ કરકે ના રખે બલ્કે આપસે ગુઝારીશ હૈ કિ ઈસ કિતાબ કા મુતાઅલા કીજીયે ઔર દુસરો કો ભી શૈર કરે, કિતાબ બહુત શાનદાર હૈ. ઈસ કીતાબ કો પીરઝાદા સૈયદ ગુલામ અબ્બાસ ઉર્ફ મદની બાવા કે હુક્મ સે PDF ફાઈલ બનાઈ હૈ.. ઔર મુજ ગુનેહગાર કો અપની દુઆઓ મે યાદ રખે..

મુહમ્મદ હુસૈન શાહ કમરી દરીયાઈ (કઠોર, સુરત)
મો.:- 7990299919, 8460009265

અર્પણ

મારા પીરો મુરશદ, મારા વાલિદે ગિરામી

પીરે તરીકત (મર્હૂમ) સૈયદ કાઝી મહમૂદમિયાં
અલકાદિરી, ચિશ્તી, કાઝીએ શહર કલોલ

તથા

મારા વ્હાલા માતૃશ્રી વાલેદહ માજેદાહ
(મર્હૂમા) સૈયેદહ માહબાઈમાં ઉર્ફે મરિયમ બીબી
બિન્તે કાઝી ફતેહ મોહંમદ

બન્નેની અરવાહોને
નતમસ્તકે, નિહાયત અદબો એહતેરામ સાથે

અર્પણ કરું છું
(ઝહે કિસ્મત ગર કુબૂલ ઉફતદ)



વાલિદયનની દુઆઓનો અભિલાષી
પ્રોફેસર સૈયદ કાઝી નસીરમિયાં મહમૂદમિયાં
અલકાદિરી, ચિશ્તી, કલોલવી - અહમદઆબાદ

બે બોલ...

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

નહમદોહુ વનુસલ્લી અલા રસૂલેહિલ કરીમ

તલઅલ-બદ્રુઅલૈના, મિન સનિય્યાતિલ-વિદાઇ,
વજબ શ્શુક્રુ અલૈના, મા દઆ લિલ્લાહિ દાઇ

બલગલ ઉલા બિ કમાલિહિ, કશફ્દ્દુજા બે જમાલિહિ
હસોનત્ જમીઓ ખિસાલિહિ, સલ્લૂ અલૈહિ વ આલિહિ

યા રબ્બે સલ્લે વસલ્લિમ દાઇમન અબદા,
અલા હબીબે કા ખૈરિલ્ખલકે કુલ્લે હિમિ

અમારા પ્યારા નબીએ કરીમ મુહમ્મદુર રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ માટે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફરમાવ્યું,

વ મા કા-ન લિ-બ-શરિન અંય્યુ કલ્લિમહુલ્લાહુ ઈલ્લા વહ-યન ઔ મિંવ્વરા-ઈ હિજાબિન ઔ યુર્સિ-લ રસૂલન ફયુહિ-ય બિઇઝ-નિહી મા યશાઉ ઈન્નહૂ અલિય્યુન હકીમ.

ભાવાર્થ : કોઇ માનવમાં એટલી શકિત નથી કે અલ્લાહ તેની સાથે રૂબરૂ વાતો કરે પણ ગૈબથી અથવા પાછળ વાત કરે (જેમ કે મૂસા સાથે વાત થઈ) અથવા કોઇ ફરિશ્તા દ્વારા ચાહે તેટલું (ઇલ્મ) (અલ્લાહ) પહોંચાડે છે. તે મહાન હર્તાકર્તા છે. (સૂરએ શૂરા, પારા-૨૫, આયત-૫૦)

તમામ કાએનાતમાં બધાથી શ્રેષ્ઠ, ઉચ્ચતર જાત સરકારે મદીના (સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ) ઉપર ખુદાની રહેમત (દુરૂદો સલામ) નાઝિલ થતી રહે અને અલ્લાહ તઆલાની, રેહમત આપની આલ અને ઔલાદ અને અસ્હાબ ઉપર પ્રત્યેક પળે ઉતરતી રહે.

અલ્લાહના પ્યારા નબી હદીષે પાકમાં ઈર્શાદ ફરમાવે છે કે,**અલ-ઇલ્મુ નુરૂન અર્થ :** ઇલ્મ એક નૂર છે, પ્રકાશ છે અને રોશની છે, અને અલ્લાહ રબ્બુલ આલમીન- પણ કુરાને કરીમમાં ઈર્શાદ ફરમાવે છે કે **અલ્લાહુ નુરૂસ સમાવાતિ વલ-અર્દ.** અર્થાત્ અલ્લાહ આકાશો અને ધરતીનું નૂર છે.

વાચક મિત્રો,

આજે મને જે પુસ્તક **"હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઇ રેહમતુલ્લાહ અલયહેની જીકરીઓના અનમોલ રત્નો"** ની પ્રસ્તાવના લખવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે, તે પુસ્તક મુ.પો.બીરપુરશરીફ, જી.મહીસાગરના મહાન ઔલિયા હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઇ (રહેમતુલ્લાહે અલયહે) કે, જે મારા જદ્દે આલા છે.

આશરે ૫૦૦ વર્ષ જૂની અતિ પ્રાચીન અને અપ્રગટ રહેલી હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઇ (રહેમતુલ્લાહે અલયહે) ની ગુજરી રચનાઓના કુલર્ભ ગ્રંથની હસ્તપ્રત ઉપલબ્ધ કરી તેની માઇક્રોફીલ્મ બનાવી હઝરત પીર મુહંમદશાહ લાયબ્રેરી અને રીસર્ચ સેન્ટરમાં સુરક્ષિત રાખવા માટે લાયબ્રેરીના ડાયરેકટર જનાબ પ્રોફેસર મોહયુદ્દીન બોમ્બેવાલા સાહેબને ધન્યવાદ પાઠવું છું. પ્રસ્તુત પુસ્તકનું સંકલન અને સંપાદન કરવાની કામગીરી માટે પ્રોફેસર જનાબ નસીરમીયાં મહેમૂદમીયાં કાઝી સાહેબ પણ મુબારકબાદીને પાત્ર છે. એક જર્જરીત અને અપઠ્ય પુસ્તકને સતત પરિશ્રમ અને ચિંતન મનન દ્વારા વાંચન તુલ્ય બનાવવાનો તેમનો પ્રયત્ન અત્યંત પ્રશંસાપાત્ર છે. બંને મહાનુભાવોની કામગીરી કાબિલે તારીફ છે.

સુફી સંતોના વાણી વર્તનથી પ્રભાવિત લોકો અને ગુજરી ભાષાથી પરિચિત સાહિત્ય રસિકો માટે આ પુસ્તક જરૂર વરદાનરૂપ સાબિત થશે. અને તેમનું જીવન કિર્તીમાન અને કલ્યાણકારી બની જશે. એવી મારી સંપૂર્ણ શ્રધ્ધા છે. ગુજરી-દકની કાવ્ય રચયિતાઓમાં હઝરત કાઝી મહમૂદ દરિયાઇ રહમતુલ્લાહ અલયહે ઉચ્ચ સ્થાન ધરાવે છે. તે મેં ગુજરી સાહિત્યના કેટલાક અભ્યાસુઓ જેઓના લેખો તથા સંશોધન નિબંધો ના અવલોકનથી મેં જાણ્યું છે, હઝરત ખ્વાજા મહમૂદ મહબૂબુલ્લાહ દરિયાઇ કુલ્હાની ઘણી બધી ગુજરી કાવ્ય રચનાઓ આજે પણ મારા સ્મૃતિપટલ પર સચવાયેલી છે. જે પૈકી એક, બે નમૂનારૂપ અત્રે રજૂ કરું છું.

કોઇ માયલા મરમ ન જાને રે,
બાત મનકી કિસે ન સૂઝે રે,
દુઃખ જીવનકા કિસ કહું અલ્લાહ

D

દુઃખ ભરિયા સબ કોઇ રે,
નિર્દુઃખી જગમાં કોઇ નહીં
મેં પિરથી ફિર ફિર જોઇ રે.

અર્થાત : ઓ અલ્લાહ ! હું મનનું દુઃખ કોને કહું ? સૌ કોઇ દુઃખી છે હું આખી દુનિયા ફરી વળ્યો, પણ મને કોઇ એવો મળ્યો નહીં જે દુઃખી ન હોય.

પાંચું વકત નમાઝ ગુજારૂં હાયમ પઢ્યું કુરાન,
ખાઉં હલાલ બોલું મુખ સાચા, રાખું દુરસ્ત ઈમાન,
છોડ જંજાલ ઝુઠી સબ માયા જે મન હોવે જ્ઞાન
કલ્મે શહાદત મુખ ન બિસારું, જિસથી છો તુજ નિદાન
દીન દુનીકી નેઅમત પાઉં, જો જન્નાત રાખું ઠાન,
મહમૂદ મુખથી તિલ ન બિસારે, અપની ધનીકા નાંવ

નીચે પ્રમાણેની એક ગુજરીમાં હઝરત ફરમાવે છે કે,

મુસ્તફા લાગું તુમ્હારે પાઉં
જિસ દિન સાંઇ લેખા માંગે,
સો દિન લેને છુળાઉં

અર્થાત : યા મુસ્તફા (મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ) હું આપને પગે લાગું છું અને વિનંતિ કરૂં છું કે, કયામતના દિવસે, જયારે અલ્લાહ તઆલા મારો હિસાબ માગે, તે સમયે તમો મને હિસાબથી બચાવજો, મારા ઉપર રહેમ કરજો. તદ્ઉપરાંત મારા અભ્યાસ મુજબ દરિયાઇ સાહેબના વાલિદ સાહેબ અને ત્રણે સાહબઝાદાઓ, આપની બીબી સાહેબા, આપની માસીઓ, પણ ગુજરી કવિતાઓ લખવામાં અને પઢવામાં નિપુણ હતા, તેવા ઉલ્લેખો પણ, આપની મલફૂઝાતોમાં ઠેર ઠેર જોવા મળે છે.

તેવી જ રીતે "આઇને અકબરી" ના કર્તા અબુલ ફઝલે પણ આપના જીવન અને કવન વિષે નોંધ્યું છે, અને ત્યારબાદ શાહઝાદા દારા શિકોહે પણ પોતાની કૃતિ સફીનતુલ ઔલિયામાં પણ આપનો ઝિક્ર કરેલ છે. ત્યારબાદ હિંદના મહાન મુહદ્દિસ હઝરત અબ્દુલ હક દેહલ્વી (રેહમતુલ્લાહે અલયહે) પોતાના સુવિખ્યાત ગ્રંથ "અખબારુલ અખિયાર" માં પણ આપની ગુજરાતના પ્રથમ કોટિના મશાયખો માં ગણના કરી છે. અને તેઓ હંમેશા પ્રભુભકિતમાં લીન રહેનારા સંત પુરૂષ હતા. આપ જયારે પ્રભુપ્રીતિમાં વ્યાકુળ બની જતા હતા, ત્યારે એમના મુખેથી હિન્દી તથા 'ગુર્જરી' બંને ભાષામાં આધ્યાત્મિક

ભક્તિરસની કાવ્ય વાણીનો અવિરત પ્રવાહ વહેવા માંડતો હતો. આ સિવાય, પ્રોફેસર ઈબ્રાહીમ દાર સાહેબે પણ પોતાના એક અભ્યાસ લેખમાં હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ સાહેબની જિકરીઓનો ઉલ્લેખ કર્યો છે. અને એમની આ જિકરીઓને સૂફી સંતોના, ઈબાદતના પ્રકારોમાંનો એક વિશિષ્ટ પ્રકાર ગણાવ્યો છે. એટલું જ નહીં પ્રો.દાર સાહેબે, એમ પણ લખ્યું છે કે, આ જિકરીઓને ગુજરાત પ્રદેશના કવ્વાલો બહુધા ગાય છે. કારણ કે આ જિકરીઓ ખૂબ જ અસરકારક અને પ્રભાવાત્મક અને હૃદયંગમ છે. તદ્ઉપરાંત મૌલાના ઈમામુદ્દીન ગુલશનાબાદીએ "તારીખુલ ઔલિયા" માં લખ્યું છે કે હઝરત ખ્વાજા દરિયાઈ સાહેબ મહાન સૂફીસંત, અને પરોક્ષ તથા અપરોક્ષ જ્ઞાનના અપૂર્વ ભંડાર હતા. તેવી જ રીતે મિરાતે એહમદીના કર્તા લખે છે કે આપ દરિયાઈ સાહેબે માટીની દુનિયા (આલમે ખાક) ની સાથો સાથ પાણીની દુનિયા (આલમે આબ) ની સેવા સ્વાધીન કરેલ હતી.

પ્રસ્તુત પુસ્તકની પ્રશંસા માટે ઘણું બધું લખવાની મહેચ્છા છે પરંતુ મારી અતિ નાદુરસ્ત તબિયતને કારણે હું મજબૂર છું. મારા લઘુબંધુ પીરઝાદા સૈયદ અલ્હાજ ગુલામ અબ્બાસ ઉર્ફે મદનીમિયાંના આગ્રહથી પુસ્તકની પ્રશંસામાં બે શબ્દો લખવા માટે શકિતમાન બની શકયો છું. અંતમાં પુસ્તકની કામયાબી માટે અલ્લાહ પાક સમક્ષ દુઆ ગુજારૂ છું અને અઝીઝી મદનીમિયાંએ ગુજરાતી લિપીયાંતર કરાવવા માટે લીધેલ પરિશ્રમની પણ સરાહના કરું છું. કારણ કે ઉર્દુ ભાષાથી અપરિચિત વર્ગને પુસ્તકથી લાભાન્વિત કરાવવાનો તેમનો પ્રયત્ન હઝરત દરિયાઈ સાહેબના શ્રદ્ધાળુઓ (આશિકો) પર ઉપકારક બની રહેશે. હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ કુલ્હાની અમૃત જેવી મીઠી વાણીથી તેમનું જીવન મધુર અને સુખમય બને તેવી ખુદા એ તઆલા પાસે દુઆ ગુજારૂં છું.

અંતે હું હઝરત પ્રોફેસર મુહંમદ નસીરમીયાં મહમૂદમીયાં કાઝી સાહેબના આ ઉત્તમ સંશોધન કાર્યને બિરદાવું છું, અને આ કાર્યમાં, આ કિતાબના પ્રકાશક, ગુજરાતની નામવર સંસ્થા સુન્ની મુસ્લિમ કમિટી મુ.ગોંડલના મારા ખલીફા તેમજ પ્રમુખ જનાબ અલ્હાજ સુલેમાનભાઈ જે. ઈસાણી દરિયાઈ બરકાતી અને ઉપપ્રમુખ પીર સૈયદ અલ્હાજ જનાબ મુહંમદમીયાં એ. નાગાણી દરિયાઈ બરકાતી ને પણ હું મારી દિલી દુઆ સાથે મુબારકબાદી આપું છું. સાથે સાથે પુસ્તક મુદ્રણનું ધ્યાનપૂર્વક અને ખૂબજ

F

નિષ્ઠાપૂર્વક કાર્ય કરવા બદલ જનાબ શકીલભાઈ મન્સુરીનો પણ આભારી છું, તમામને મારી દિલી દુઆ અને ફૈઝાને દરિયાઈ દીનો દુનિયામાં, અને આખેરતમાં આપ સર્વેને, આ મહાન કાર્યનો બદલો મળે, તેવી મારી દિલી દુઆ છે.

યક ઝમાના સોહબતે બા અવલિયા
બહેતર અઝ સદ સાલા તાઅત બેરિયા
ગરતૂ સંગે ખારએ મરમર શવી
ચું બ સાહબ દિલ રસી ગવહર શવી
(મૌલાના રૂમ)

અર્થાત : અવલિયાની સોહબતમાં થોડા સમય રહેવું, તે સો વર્ષની ખાલિસ (શુધ્ધ) ઈબાદત કરતાં બેહતર છે, ભલેને તૂં બેકાર આરસનો પથ્થર જ કેમ ના હોય, જયારે તૂં કોઇ દિલવાળા પાસે પહોંચશે તો હીરો બની જશે.

બોલે બોલે ઝડે ફુલ મુખથી — મીઠી બાત સુહાય
અમરિતવાની સુન સુન તેરી — મહમૂદ રહિયા લુભાય

મહમૂદ કી સીખ મનમાં ધરલે, — ચલે રાસ ગરાસ
અપને ધનીકે ચરણું — પુગે મનકી આસ

આસ હમારી અલ્લાહ પુરે — ગઈ હમારી ચિંતા
મહમૂદ સુખિયા કયું ન હોવે — નબી મોહંમદ મીતા

વસ્સલામ

દુઆગો
અતાએ દરિયાઇ દુલ્હા
શૈખુલ મશાઇખ મુફ્તી મૌલાના અશ્શાહ
સૈયદ અલ્હાજ પીર કમરૂદ્દીનમિયાં એ.
પીરઝાદા, કારંટવી, દરિયાઇ, કાદિરી, અશરફી, અફી અન્હો
મુ.પો. કારંટા શરીફ તા.ખાનપુર (વાયા-લુણાવાડા)
જી.મહીસાગર (ગુજરાત) પીન : ૩૮૯૨૩૦
૧૬ રબીઉલ આખર હિ.૧૪૩૯ તા.૦૫-૦૧-૨૦૧૮ બરોઝ જુમ્આ

પેશે લફઝ

હઝરત પીરે તરીકત

સૈયદ અલ્હાજ દાદામિયાં એસ. કાદરી, હૂદી, હુસૈની, મુહિબ રૂપાલવાલા બાબા સાહબનો અભિપ્રાય

નહમદોહુ વનોસલ્લી અલા રસૂલેહિલ કરીમ

દીને ઈસ્લામની તબ્લીગ (પ્રચાર) કાર્યને વેગવંતુ બનાવવામાં સૌથી મહત્વનો ફાળો સૂફીઓ અર્થાત વલીઅલ્લાહનો છે. આ અલ્લાહના પ્યારા નેક બંદાઓ કે જેમણે પોતાનું સમગ્ર જીવન દીન (ધર્મ) ની ખિદમત અને તેના પ્રચાર અર્થે વકફ કરી દીધું હતું એવા અસંખ્ય સુફીઓ થઇ ગયા જેમણે પોતાના સમયમાં સમયની માંગ અને પ્રણાલિકાને નજર સમક્ષ રાખી ઈસ્લામની તબ્લીગ કરતા રહ્યા છે ઈતિહાસ તેની સાક્ષી પુરે છે.

પ્રચારના મુખ્ય બે પ્રકાર જોવા મળે છે. (૧) તકરીર (પ્રવચન) અને (૨) તેહરીર (લખાણ) આ બંને રીતે સૂફી હઝરતો એ અપનાવી મઝહબના પ્રચાર સાથે સમાજ સુધારણા અને માનવ સેવાના ઉમદા મુલ્યોને પ્રાધાન્ય અર્પણ કર્યું.

ઈસ્લામના પ્રચાર અર્થે આવેલા બુઝુર્ગો (સૂફીઓ) ની ભાષા તો અરબી અને ફારસી હતી પણ ગુજરાતમાં જે બુઝુર્ગો આવ્યા તેમણે ગુજરાતના લોકોને સરળતાથી સમજાવી શકાય તે માટે લોકોની ભાષા એટલે કે લોકબોલી માં જ તકરીર (પ્રવચન) અને તેહરીર (લખાણ) બન્ને વડે ધર્મનો માનવતાનો સંદેશ પહોંચાડ્યો છે.

ભાષા (બોલી) નું રૂપ હંમેશા એક રહેતુ નથી દરેક જમાનામાં ભાષામાં ઘણા ફેરફાર થતા રહ્યા છે. ગુજરાતીમાં કહેવત છે. **બાર ગાઉએ બોલી બદલાય** અને એ વાત નકકર હકીકત છે. આજે પણ આપણા ગુજરાતની એક ગુજરાતી ભાષામાં પણ લોકબોલી અલગ-અલગ છે. જે બોલી ઉત્તર ગુજરાતની છે તે દક્ષિણ ગુજરાતની નથી અને પૂર્વ ગુજરાતની લોક બોલી અને સૌરાષ્ટ્રની મીઠી કાઠીયાવાડી ભાષામાં ઘણો ફેર પડે છે. સદીઓ પહેલા આપણી ગુજરાતી કેવી હતી તે જાણવા એ વખતના સાહિત્યનો અભ્યાસ કરવો પડે !

આજે આપણા હાથમાં જે પુસ્તક શોભી રહ્યું છે, તે ૧૬ મી ઈસ્વી સદીમાં થઇ ગયેલા મહાન વલીએ કામીલ અજોડ ધર્મપ્રચારક કુત્બુલ

અકતાબ, ગૌસુલહિંદ, હઝરત ખ્વાઝા કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા રહમતુલ્લાહ અલયહે (દરગાહ બીરપુર શરીફ) ની મુબારક કલમથી વજુદ પામેલ ગુજરી ભાષાની રચનાઓનો **અનમોલ ખજાનો એટલે ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા (રહમતુલ્લાહ અલયહે) ની જીકરીઓ** છે. ૧૬ મી સદીમાં લખાયેલ કૃતિઓની સાચવણી ખરેખર કરામત સમાન છે. હઝરત કાઝી મહમૂદ દરિયાઈ રહમતુલ્લાહ અલયહના દૌરમાં જે ભાષાનો પ્રયોગ થતો હતો તે ભાષામાં હઝરત લોકો સમજી શકે તે માટે લોકબોલીમાં કલામ લખવાનો આપનો આગ્રહ લોકોપયોગી બન્યો છે. આપની રચનાઓમાં દીનની સમજ, સમાજ સુધારણા, ઈશ્કે ઈલાહી, ઈશ્કે રસૂલ અને બીજું ઘણું બધું સમજવા જેવું છે. હાલમાં આપની તે રચના સમજવી અઘરી છે પણ મુશ્કેલ નથી થોડીક મહેનત કરવી પડે.

આનંદની વાત એ છે કે આવા ગહન વિષયને લોકો સુધી પહોંચાડવાનું કામ અંજામ આપીને આ વિષયના રસીયાઓ માટે અનમોલ ખજાનો એકઠો કર્યો છે. તે વિદ્વાન આલી જનાબ પ્રોફેસર નસીરમિયાં મહમૂદમિયાં કાઝીસાહેબ કલોલવાળાની મહેનતને જેટલી દાદ આપીએ તેટલી ઓછી છે. આ પુસ્તકનું પ્રકાશન ઉર્દુ લિપીમાં અગાઉ થઇ ગયું છે. તેની ભાષા ગુજરી રહી છે. હવે જેઓ ઉર્દુ વાંચી નથી શકતા તેમના માટે આ કિતાબને ગુજરાતી લિપિનો પોશાક પહેરાવી અમો ગુજરાતીઓ માટે ખૂબ સરળ કામ કરી આપવામાં આવ્યું છે અને ગુજરાતી લિપિયાંતર કરનાર પણ પ્રો.નસીરમિયાં કાઝી સાહેબ જ છે. ખૂબ ખૂબ મુબારકબાદ કાઝી સાહેબને.

હઝરત કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા રહમતુલ્લાહ અલયહેની જેમ અન્ય બુઝુર્ગોએ પણ ગુજરાતી ભાષામાં ઘણું લખી ગયાના દાખલા છે. દા.ત.(૧) હઝરત પીર મશાયખ બાવા (૨) હઝરત પીર શાહ અલીજી ગામધની બાવા (૩) હઝરત પીર મોહમ્મદશાહ બાવા વિગેરે. આ બુઝુર્ગોએ ગુજરાતીમાં લખ્યુ તેના પાછળનો તેમનો હેતુ ગુજરાતના મુસલમાનોને આસાનીથી વાત સમજ આવી શકે તેવા નેક ઈરાદાથી કામ કરીને કૌમની મોટી ખિદમત અંજામ આપી છે.

આ કિતાબ માટે બે શબ્દો લખવા પ્રોફેસર જનાબ નસીરમિયાં કાઝી સાહેબ તેમજ મારા મિત્ર પીરે તરીકત સૈયદ મદનીમિયાં સાહેબ જેમનું અસલનામ ગુલામઅબ્બાસ છે. જે હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા

રહમતુલ્લાહ અલયહની ઔલાદમાંથી છે. તેમનો આગ્રહ થયો કે આપ અભિપ્રાય લખો એટલે આ અલ્પજ્ઞાની એ આ બે શબ્દો લખ્યા છે. ખરેખર આ કિતાબ તેનામાં રસ ધરાવતા લોકો માટે એક અનમોલ ખજાનો છે. જેમાં બે મત નથી અલ્લાહ ત્આલાની બારગાહમાં દુઆ કરું છું કે મૌલા ત્આલા તેના પ્યારા હબીબેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકામાં સંપાદકની લિપિયાંતર કર્તાની, પ્રકાશકની અને વાંચકવર્ગની મહેનત કુબુલ ફરમાવે આમીન. સુમ્મા આમીન.

મુ. રૂપાલ
તા.બાવલા
જી.અહમદઆબાદ

ખૈર તલબ
સૈયદ દાદામિયાં એસ. કાદરી
તા.૧૦-૧૦-૨૦૧૭

પ્રસ્તાવના

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

તમામ તારીફને લાયક માત્ર એક અલ્લાહ જલ્લ શાનહુની ઝાત છે નથી કોઇ તેનો શરીક સમસ્ત કાયનાત નો ખાલિકો માલિક માત્ર તેજ છે. સમગ્ર સૃષ્ટિનું સર્જન તેણે જ કર્યું છે. તેનું સંચાલન તથા નિયમન પણ તેને જ હસ્તક છે તેમાં નથી કોઇ તેનો સહભાગી કે મદદગાર તેજ સર્વેસર્વા અને સર્વાધિકારી છે તેજ સર્વ વ્યાપિ અને સર્વશકિતમાન કાદિરે મુત્લક છે. તે જેને ચાહે છે બેહદ નવાઝે છે અને જેને ચાહે છે તેને પોતાની નેઅમતોથી, નવાઝિશોથી મેહરૂમ રાખે છે બધું તેને હવાલે છે.

ફઅઆલુલ લિમા યુરીદ (રબ જે ચાહે તે કરે છે)

નરફઓ દરજાતિમ મન્ નશાઅ (અમે ઇચ્છીએ તેના દરજાત બુલંદ કરીએ)

લેશ માત્ર ગુસ્તાખી તે સાંખી લેતો નથી. ઘમંડમાં અલ્લાહ જલ્લજલાલોહૂના હુકમનો અનાદર કરીને એવું કહેનાર કે "**હું નારી છું તેં મને આગમાંથી પેદા કર્યો છે અને ઇન્સાનને તેં માટીમાંથી પેદા કર્યો છે, હું તેના કરતાં બેહતર છું તેને સજદો નહીં કરૂં**" આટલી ગુસ્તાખી કરનાર શેતાનને તેણે કેવો પદભ્રષ્ટ કરીને રાંદએ દરગાહ (મરદૂદ) બનાવી દીધો !

તે ફરમાવે છે : **ઝાલિક ફદલુલ્લાહિ યુઅતીહે મંયયશાઓ વલ્લાહુ ઝુલ ફદલિલ અઝીમ** (અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના ફઝલથી નવાઝે છે તે મહાન ફઝલવાળો છે)

અલ્લાહ તઆલા નિરાલી શાનવાળો છે જેને ચાહે છે તેને ઉંચો રૂત્બો બખ્શે છે તે સ્વાધિન છે તે કોઇને આધિન નથી દુનિયા તેને આધિન છે. તુચ્છ માટીમાંથી માનવી પેદા કરીને તેને કેવું ઉચ્ચ સ્થાન બક્ષ્યું ! તેમાંથી જ સમસ્ત આલમના સરવર અને રસુલોના સરદાર હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને પેદા કરીને માટીને કેટલી સર્વોચ્ચ બનાવી !

હઝરત કાઝી મહમૂદ પોતાની એક જીકરીમાં આવી રીતે ઉલ્લેખ કરે છે.

પાઉં તલેકી ધુલકું કહો કૈસી બળાઇ

હઝરત શેખ અમીન પોતાની ગુજરી મસ્નવી કલામ 'યુસુફ ઝુલૈખા' મા આવી રીતે વર્ણવે છે.

વોહી ઇસ ખાકકી ઇઝઝત બઢાવે કે લેકર ખાકસું આદમ બનાવે

તુચ્છ માટીમાંથી પેદા કરીને માનવીને અશરફુલ મખ્લુકાત ના સર્વોચ્ચ

પદે બિરાજમાન કર્યો આવા પરમકૃપાળુ ખુદાને કેવી રીતે ફરામોશ કરી શકાય ! બંદાઓને જોઈએ કે હર હાલમાં, હર પલ તેનો શુક્ર બજાવી લાવે તેના જીવનનુ સાફલ્ય તેમાં જ છે.

ખાકસાર ગરીબ મિસ્કીન ગુન્હેગાર બંદો નતમસ્તક તેનો લાખ-લાખ શુક્ર બજાવી લાવે છે કે જેણે ૧૬ મી સદી ઈસ્વીના મહાન સુફી સંત મહાપ્રતાપી કામિલ વલી હઝરત ખ્વાજા કાઝી મહેમૂદ દરિયાઇ દુલ્હા (રહમતુલ્લાહ અલયહે) ની નેપથ્યમાં છુપાએલી અપ્રગટ જીકરીઓને મન્ઝરે આમ પર લાવી લોકોપયોગી બનાવવા માટે મને પસંદ ફરમાવ્યો. ૫૦૦-૬૦૦ વર્ષ જુની આ કાવ્યરચના અનેક લોકોએ જોઇ હશે, નિહાળી હશે, વાંચી હશે, પરખી હશે તેનો અભ્યાસ કર્યો હશે પરંતુ ધૂળ ખંખેરીને વાંચવાલાયક બનાવવાનું સૌભાગ્ય આ ખાદિમના કિસ્મતમાં નિરમાયું હશે, જેની આકસ્મિક અને ચમત્કારિકપણે તેની ઝેરોક્ષપ્રતો મારા હાથ લાગી અને મારા વડીલ તથા મુરબ્બી પ્રોફેસર મોહિયુદ્દીન બોમ્બેવાલાની પ્રેરણા અને પ્રોત્સાહનથી મેં આ કામગીરી આરંભી અને અલ્લાહના ફઝલો કરમથી તથા હઝરત દરિયાઇ સાહેબની દુઆઓથી આ મુશ્કેલ કામગિરી હું પરિપૂર્ણ કરી શકયો છું જેનો મને અત્યંત ગર્વ છે.

ગુજરી જીકરીઓના આ અમુલ્ય ખજાનામાં જુદા-જુદા ૧૪ રાગો પર આધારિત હઝરત દરિયાઇ (રહમતુલ્લાહ અલયહે) સાહેબની આશરે ૩૮૭ જીકરીઓના અણમોલ રત્નો સમાવિષ્ઠ છે જેથી ગુજરી ઉર્દૂના આ રૂપાંતરિત કાવ્ય સંગ્રહનું નામાભિધાન **હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઇ (રહમતુલ્લાહ અલયહે) ની જીકરીઓના અણમોલ રત્નો** આપવામાં આવ્યું છે.

હઝરત કાઝી મહમૂદ દરિયાઇ (રહમતુલ્લાહ અલયહે) ની આ અપ્રતિમ જીકરીઓ પ્રાચીન ગુજરી ભાષામાં રચાએલી છે. ગુજરી સ્વરૂપ લોકાભિમુખ તથા રોજંદા જીવન મુજબનું હો તે વખતના સમાજ જીવનમાં લોકપ્રિય હતું તેથી તે સમયના સુફીસંતો મહાત્માઓએ પ્રેમ સંદેશ, બોધ-ઉપદેશ, નીતી વિષયક, વિચારો, આદર્શો, ચારિત્ર્યની વાતો, સામાજીક અને સાંસ્કૃતિક બાબતો તેમજ જીવનની ક્ષણ ભંગુરતા, છળ-કપટ તથા સત્ય અસત્ય વિશેના અભિગમ વિગેરેને ગુજરી ભાષાના માધ્યમ દ્વારા લોકો સુધી પહોંચાડવામાં સફળતા મેળવી છે.

હઝરત ખ્વાજા મહમૂદ (રહમતુલ્લાહ અલયહે) ઉપરાંત શાહ બહાઉદ્દીન 'બાજન', બાબા શાહ હુસેની ઉર્ફે પીર બાદશાહ, શેખ બુરહાનુદ્દીન 'જાનમ', હઝરત શાહ અલીજી ગામધની, હઝરત ખુબમિયાં ચિશ્તી તથા

અર્વાચિન યુગના કવિઓમાં હઝરત કાઝી અનવરમિયાં તેમજ મુલ્લાં દોસ્ત મોહંમદ 'બિસ્મીલ' વિગેરે કવિમઓએ ગુજરી ભાષામાં કાવ્યો રચ્યા છે. પરંતુ હઝરત કાઝી મહમૂદ દરિયાઈ (રહમતુલ્લાહ અલયહે) ની ગુજરી જીકરીઓને વાણીની મધુરતા અને સરળતાને કારણે પ્રાધાન્ય પ્રાપ્ત છે અને સોળમી સદી ઈસ્વીનું એક મહત્તમ કારનામુ માનવામાં આવે છે.

જીકરી કાવ્ય પ્રકાર સામાન્ય રીતે પ્રેમગોષ્ઠિ, પ્રેમાલાપ, પ્રેમ ચેષ્ઠા વગેરે પ્રેમ વિષયક વાતોને સ્ત્રીઓની વાણીમાં રજુ કરવા માટેનું એક સુંદર માધ્યમ છે. હઝરત કાઝી મહમૂદ દરિયાઈ (રહમતુલ્લાહ અલયહે) એ પોતાની જીકરીઓમાં પ્રેમી-પ્રેમિકાની વાતો, પ્રેમાલાપ, પ્રેમ ચેષ્ઠા, મિલન-વિયોગ, સ્ત્રી સૌંદર્ય, સાજ-શૃંગાર ઉપરાંત ઉપકાર, શુક્રગુઝારી, ધૈર્ય-ધીરજ, સત્ય નિષ્ઠા, દયાભાવ, પ્રમાણિકતા, દાન-સદાવ્રત, નીતિના બોધ-ઉપદેશ, વૃધ્ધાવસ્થાની વ્યથા-કથા, વેપાર-ધંધો કૃષિ વિષયક બાબતોને પણ આવરી લેવામાં આવી છે.

હઝરત દરિયાઈ સાહેબ સંગીતકળામાં પ્રવિણ હતા. ગાન-તાનના શોખીન હતા તથા રાગ-રાગિણીનું અનેરૂ જ્ઞાન ધરાવતા હતા તે સમયના પ્રચલિત રાગોને તેમણે પોતાની મનમોહક વાણીમાં જીકરીમાં વણી લીધા છે. જેના આસ્વાદથી શ્રોતાઓને મંત્ર-મુગ્ધ અને મોહિત કરી લેતા હતા.

પ્રાચીન ગુજરી ભાષા ગુજરાતી, દકની, ઉર્દુ-ફારસી વગેરેનાં સમન્વયથી બનેલું એક સાહિત્ય સ્વરૂપ છે. જે ઘણું લોકપ્રિય બન્યું હતું. અલબત્ત માત્ર અરબી, ફારસી તથા ઉર્દુ થી પરિચિત પરંતુ ગુજરાતી તથા દકની ભાષાથી અપરિચિત લોકો માટે તેને સમજવી કંઈક અંશે અઘરી છે. પરંતુ ગુજરાતી, દકની તથા ઉર્દૂથી પરિચિત માટે મહદ્અંશે સરળ છે.

પ્રસ્તુત પુસ્તકના મૂળગ્રંથ વિશે એવી માહિતી જાણવા મળી છે કે આ અલભ્ય પુસ્તક કોઈ સદ્ગૃહસ્થના અંગત સંગ્રહાલયમાં સંગ્રહિત હતું પુસ્તક અતિ જર્જરિત અવસ્થામાં હતું તેના પાન ત્રુટક અને બરડ બની ગયા હતા વળી પુસ્તકિયા જીવજંતુઓ (કિરમે કિતાબી) એ તેને વધુ ક્ષતિગ્રસ્ત બનાવી દીધું હતું. પાનાઓમાં ઠેર-ઠેર નાના, સુક્ષ્મ કાણા જે ફોટો કોપી તથા ઝેરોક્ષ કોપીમાં બિનજરૂરી નુકતાઓ વધારતા હતા. આ બધા કારણસર સ્વાભાવિક છે કે પુસ્તકની અંગત માલિકી ધરાવનાર સદ્ગૃહસ્થ પુસ્તક કોઈને હવાલે સોંપવામા રાજી ન થાય અને આ વાત પણ વ્યાજબી છે. સાહિત્ય સેવાના આજીવન ભેખધારી માનવંત પ્રોફેસર મોહિયુદ્દીન બોમ્બેવાલા સાહેબે

પોતાના અંગત પ્રયત્નોથી આવા અમુલ્ય પુસ્તકની માઈક્રોફિલ્મ ઉપલબ્ધ કરાવીને તેને હઝરત પીરમોહંમદશાહ લાયબ્રેરી અને રિસર્ચ સેન્ટરમાં સુરક્ષિત કરેલ છે. મૂળગ્રંથનું હવે તો અસ્તિત્વ પણ શંકાસ્પદ છે. આવા બહુમુલ્ય પુસ્તકની ઝેરોક્ષ કોપી મેળવી આ ખાકસારે આવા અમુલ્ય ખજાનાને ભાવી પેઢીઓને લાભાન્વિત રાખવા, પુસ્તકનું અસ્તિત્વ જાળવી રાખવાના શુભ આશયથી શકય તેટલી જહેમત ઉઠાવી અથાગ પ્રયત્નોથી પુસ્તકને નવજીવન બક્ષવાનો પ્રયાસ કર્યો છે. હઝરત દરિયાઇ સાહેબની દુઆઓ અને પરમકૃપાળુ ખુદાનો ફઝલો કરમ પ્રાપ્ત થશે તો જરૂરથી મને મારા પ્રયત્નોમાં કામ્યાબી મળશે એવી ઉમ્મીદ ધરાવું છું. હાલમાં ઉર્દૂ તથા ગુજરાતીથી પરિચિત વાંચકોને હઝરત દરિયાઇ સાહેબની જીકરીઓના રસપાન કરતા જોઇને હું અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

પ્રસ્તુત પુસ્તક પ્રાચીનશૈલી મુજબની લિપીમાં લખાએલું હોઇ તેનું વાંચન અત્યંત થકવી દેનારૂ છે એક જ અક્ષરને અનેકરીતે વાંચી શકાતું હોઇ તેના વિવિધ અર્થો ઘટાવી શકાય છે તેના સ્પષ્ટ ઉચ્ચાર તથા સાચા અર્થ તારવવા માટે અત્યંત ધીરજ, મકકમતા, મનોમંથન તથા ચોકકસ પ્રક્રિયા અપનાવવી પડે છે તેમ છતાં કયારેક તેમાં નિષ્ફળતા પણ મળે છે. ઉદાહરણ તરીકે, થોડા સમય પૂર્વે પ્રસ્તુત પુસ્તક ઉર્દૂ લિપીમાં પ્રગટ થઇ ચૂકેલ છે. જેમાં રાગ ધનાસરી પર આધારિત જીકરી નં.૩૬ જે લગ્નપ્રસંગ વિશેની છે. જેમાં આવતા 'અખ્તાના' શબ્દનો અર્થ ઘણી મથામણ તથા ચિંતન મનન પછી 'એકટાણુ' કરેલ પરંતુ હાલમાં આ પુસ્તકના લિપીયાંતર કરતી વખતે અચાનક તેનો એક જુદો અર્થ સ્ફુર્યો છે કે 'અખ્તાના' એટલે 'એકટાણું' નહીં પરંતુ 'અકદખ્વાના' હોઇ શકે છે. એટલે કે 'નિકાહનુ નજરાણુ' જે સુયોગ્ય જણાયુ છે. આ તો માત્ર એક દ્રષ્ટાંત છે પરંતુ એવા ઘણા શબ્દો જેના ઉચ્ચાર અને અર્થમાં ફેરફાર સંભાવિત છે. લિપીયાંતર કરેલ આ પુસ્તકની રચના, પ્રકાશન તથા પ્રગટ થવા સુધીની કામગિરીમાં જેમણે પણ તન-મન અને ધનથી પોતાનો અમુલ્ય ફાળો આપ્યો છે તેમનો આભાર માનવો તથા તેમનો શુક્રિયહ અદા કરવો આપણી ફરજ છે. તેમના સાથ-સહકાર અને મદદ વિના આ પુસ્તક વાંચકોના મુબારક હાથોમાં ન પહોંચી શકયું હોત.

પીરે તરીકત સૈયદ હાજી ગુલામ અબ્બાસ ઉર્ફે મદનીમિયાં બાવા (તંત્રી 'ફૈઝે દરિયાઇ' માસિક) ને હઝરત દરિયાઇ સાહેબના મુરીદોનો બહોળો વર્ગ જે ઉર્દૂભાષાથી અપરિચિત હતો જે દરિયાઇ સાહેબની જીકરીઓના વાંચનથી

N

વંચિત ન રહી જાય તેની તેમને સતત ચિંતા હતી તેથી તેનુ ગુજરાતીમાં લિપીયાંતર કરવાના સતત આગ્રહી હતા. પુસ્તકના ગ્રાફિકસ અને પ્રિન્ટીંગ અંગેની કામગિરી અર્થે તેમણે પગ પાછો વાળ્યો નથી કે ચેનથી બેઠા નથી. ઉનાળાની સખત ગરમીમાં પણ બસની હાડમારીઓ વેઠીને અમદાવાદ, નડિયાદ તથા ગોંડલના પ્રવાસ કરીને પુસ્તકને મુર્તસ્વરૂપ આપવામાં તેમણે પાછી પાની નથી કરી. સુન્ની મુસ્લિમ કમિટી, ગોંડલ એ પણ હઝરત મદનીમિયાં બાવાની ભાવનાઓને સન્માનપૂર્વક સ્વીકારીને પુસ્તક છાપી આપવાની તથા હઝરત હરિયાઈ સાહેબના શ્રધ્ધાળુઓમાં વિના મુલ્યે તકસીમ કરવાની તૈયારી દર્શાવી છે. જેના માટે સુન્ની મુસ્લિમ કમિટી, ગોંડલ પણ ઘણી-ઘણી મુબારકબાદીને પાત્ર છે.

હઝરત મદનીમિયાં બાવા કોટી-કોટી મુબારકબાદીને પાત્ર બને છે કારણ કે તેમનાજ અવિરત પ્રયાસોના પ્રતાપે જ ગુજરાતી ભાષામાં લિપીયાંતર થએલ હઝરત હરિયાઈ સાહેબની અણમોલ જીકરીઓ ધરાવતું પુસ્તક આપ સૌના હાથોમાં શોભી રહ્યું છે.

હઝરત મદનીમિયાં બાવાનો તેમની આ પુરખુલુસ ખિદમાત બદલ અંતઃકરણ પૂર્વક આભાર તથા હૃદયપૂર્વકનો શુક્રિયહ અદા કરવો પણ ના કાફી છે. સુન્ની મુસ્લિમ કમિટી, ગોંડલ વર્ષોથી અત્યંત ઉપયોગી પુસ્તકો છાપીને વિના મુલ્યે કૌમમાં તકસીમ કરે છે તેમની આ મુખ્લિસાના ખિદમાત માટે કમિટીને તથા કમિટીના અરાકિનોનો ખુબ-ખુબ આભાર માનવો રહ્યો. ખુદા તઆલા કમિટીના તમામ અરાકિનોને અજેઅઝીમ અને સવાબે જારિયહથી મુસ્તફીઝ ફરમાવે એવી નુક દુઆઓ ગુઝારિએ છીએ.

મદની ગ્રાફિકસ, નડિયાદના જનાબ શકીલભાઇ જેઓએ કામની અતિવ્યસ્તતા છતાં પણ પોતાનો કિંમતી સમય ફાળવીને સમયસર સુંદર પુસ્તક તૈયાર કરી આપવા બદલ હૃદયપૂર્વક તેમનો આભાર માનવામાં આવે છે.

પીરે તરીકત હઝરત સૈયદ દાહામિયાં એસ. કાદરી હુસેની, હૂદી 'મુહિબ' સાહબ રૂપાલવી અત્યંત વ્યસ્ત હોવા છતાં ટૂંકા સમયમાં પુસ્તકનું અધ્યયન અને અભ્યાસ કરીને પોતાનુ અમુલ્ય અને યશસ્વી મંતવ્ય મોકલીને પુસ્તકની શાન વધારી છે અને ખાકસારની હોંસલા અફઝાઇ કરી છે. તે માટે હું હૃદયપૂર્વક તેમનો આભાર વ્યકત કરું છું.

પીરે તરીકત આલિમે દીન અલ્હાજ મુફ્તી સૈયદ હઝરત કમરૂદ્દીન બાવા દરિયાઇ, અશરફી, કાદરી, કારંટવી સાહેબ જેઓ પોતાની ના-દુરસ્ત તબિયત છતાં પણ હઝરત દરિયાઇ સાહેબના પુસ્તક માટે પોતાનું કિમતી અને કારઆમદ મંતવ્ય મોકલવા બદલ તેમનો અંતઃકરણ પૂર્વક અભાર માનું છું અને આપની સેહતો તંદુરસ્તી સાથે ઉમ્રદરાઝીની અલ્લાહ તઆલા પાસે દુઆએ નેક ગુઝારૂં છું.

મારા ભુતપૂર્વ વિદ્યાર્થી મારા કદરદાન મારા આજ્ઞાંકિત શાગીર્દ જનાબ હાજીમિયાં એન. કાદિરી જેઓ દરેક તબક્કે પુસ્તકની કામગિરીમાં મને મદદરૂપ થયા છે તેમના સાથ અને સહકારને કેવી રીતે ફરામોશ કરૂં તેમનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

પુસ્તકની કામ્યાબી તથા પુસ્તકના સંકલન તથા સંપાદનની કામગિરી બદલ મુબારકબાદી આપતા તથા હઝરત કિબ્લા મદનીમિયાં બાપુનો એહસાન પ્રદર્શિત કરતા ઘણા સંદેશાઓ અને પ્રશંસાપત્રો મળેલ છે જે પુસ્તકની પરિસીમા અને મર્યાદાને લઈને છાપી શકાયા નથી. તે બદલ દરગુઝર ચાહીએ છીએ. તમામ કદરદાનોનું પણ અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

અંતમાં પુસ્તકના સંકલન, સંપાદન તથા લિપીયાંતરની કામગિરીમાં ઉણપ જણાય તો તે માટે મારૂં અલ્પજ્ઞાન જવાબદાર છે તે માટે ક્ષમા કરશો. અને કામગિરી પ્રસંશનિય લાગે તો 'અલહમ્દુલિલ્લાહ' કહેશો કારણ કે પ્રશંસાને પાત્ર તો માત્ર અલ્લાહની જાત જ છે તેના જ ફઝલો કરમથી ઇન્સાન કામ્યાબી મેળવે છે.

વસ્સલામ
દુઆગો

પ્રોફેસર સૈયદ કાઝી નસીરમિયાં મહમૂદમિયાં
અલકાદિરી, ચિશ્તી, કલોલવી
સાબિક હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ
ઉર્દૂ-ફારસી તથા ઇસ્લામિક સંસ્કૃતિ વિભાગ
ગુજરાત કોલેજ, અમદાવાદ-૬

"મહમૂદ નઝર"
૧/એ પ્રાચીના સોસાયટી,
જુહાપુરા, સરખેજ રોડ,
અહમદઆબાદ-૫૫.

P

પ્રો. મોહીયુદ્દીન બોમ્બેવાલાનો અભિપ્રાય

ખ્વાજા મહમૂદ મહેબૂબૂલ્લાહ દરિયાઇ દુલ્હા (રહમતુલ્લાહ અલયહે) ગુજરાતના સુફિયાએ કિરામ અને ઔલિયાએ ઉઝાઝમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ઉત્તર ગુજરાતમાં હઝરત મીરા સૈયદ અલી દાતાર (રહેમતુલ્લાહ અલયહે) મધ્ય ગુજરાતમાં હઝરત શેખ એહમદ ખટ્ટુ મગરબી (રહેમતુલ્લાહ અલયહે) તથા હઝરત અબુલ બરકાત સૈયદ મહંમદ સિરાજુદ્દીન શાહેઆલમ (રહેમતુલ્લાહ અલયહે) ની સાથે સાથે બીરપુર શરીફ (જી. મહીસાગર) ના મહાન સૂફીસંત હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઇ મેહબૂબૂલ્લાહ (રહેમતુલ્લાહ અલયહે) ના આ ગુજરી સંગ્રહ **હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઇ દુલ્હા (રહેમતુલ્લાહ અલયહે) ના જીકરીઓના અણમોલ રત્નો** ના પ્રકાશનની મુબારક ઘડીએ, આપના જીવન ઝરમર ઉપર નજર કરતા જાણવા મળે છે કે તેમનાં ત્યાં સૂંફી સિલસિલાઓની એક પરંપરા સંગ્રહાઇ છે, જે અઢાર સિલસિલાઓથી નિસ્તબ ધરાવે છે.

હઝરત ખ્વાજા કાઝી મહમૂદ દરિયાઇ મહેબૂબૂલ્લાહ (રહેમતુલ્લાહ અલયહે) સૂફીઓની જેમ બાતિની અને ઝાહિરી એમ બે જીવન શૈલીઓને અપનાવી હતી. એમના પારિવારિક જીવન ઉપર દ્રષ્ટિપાત કરતા લાગે છે કે તેઓએ ઉચ્ચ મરતબાના સૂફી હોવા છતાં તેઓ સામાજીક જીવન અને તેના રસ્મો રિવાજ, રૂઢિયો, લઢાણો અને વ્યવહારો સાચવ્યા હતા. આની ચર્ચામા ના ઉતરતા, બીજી તરફ એ જોઇએ કે તે તો તેમનું આધ્યાત્મિક એટલે (ઇશ્કે ઇલાહીમાં તેઓનો ઇસ્તિગરાક) ના તકાઝા, (જંદગીના બશરી તકાઝાઓ) ની સાથે સાથે તેમની એક રૂહાની કૈફિયત તદ્દન જુદા હતી. લગ્ન મંડપમાં બેઠા હોય, તો આપની આસપાસના માહોલ મુજબ ગ્રામીણ લોકોને રીત રિવાજને અનુસરીને તેઓ વર્તતા હતા. તેવી જ રીતે આ સમાજથી જુદા પાડીને તેઓ ચાહે ઇલાહીમાં તલ્લીન થઇ જતા, તો તેમને પોતાના વુજુદ વિષે પણ કંઇ જાણ રહેતી ન હતી. પ્રેમગલી એનું ઉદાહરણ છે. આ લાંબી ગુફામાં બે ડગલા પણ અંદર જઇને બેસવું કબરમાં જીવતા, જીવ રહેવા બરાબર છે. એ જ આ સ્થાન છે, કે જ્યાં પીરો મુર્શીદ હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઇ (રહેમતુલ્લાહ અલયહે) ઇશ્કે ઇલાહી અને ચાહે ઇલાહીમાં તલ્લીન થઇને દિવસો ગુજારી દેતા હતા. આ એક મહાન સુફીના ઉચ્ચતમ લક્ષણ છે.

હઝરત ખ્વાજા કાઝી મહમૂદ દરિયાઈ (રહેમતુલ્લાહ અલયહે) ની આ પદ્ય રચનાઓ પહેલાં, આપની ગદ્યકૃતિ "**તોહફતુલકારી**" નું પ્રોફે.એમ.એ.અબ્બાસી સાહેબ અને મર્હુમ પ્રોફે. મહમૂદહુસેન શેખ સાહેબે, આ સુફીની કેટલીક અજ્ઞાત અને અંતરંગ વાતોના ઉલ્લેખ સાથે સંપાદન કરેલ છે.

ઉર્દુ (ગુજરી) ભાષા સાહિત્યના લેખન અને પ્રકાશનના હેતુથી ગુજરાત ઉર્દુ અકાદમીની સ્થાપના કરવામાં આવી છે. ગુજરી ભાષા સાહિત્યના ઉંડા અભ્યાસી એવા ડૉ.ઝહીરૂદ્દીન મદની સાહેબ તેઓના દકની ગુજરી સાહિત્યના અભ્યાસુ હોવાથી તે અંગે અવારનવાર તેમની સાથે ચર્ચાઓ થતી હતી, તેનો લાભ પણ આ પુસ્તકના પ્રકાશનમાં અમોને મળ્યો છે. તદ્ઉપરાંત ડૉ.ઝેડ એ. દેસાઈ (આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પર્શિયન ભાષામાં સ્કોલર) પણ, ભારતીય પુરાતત્વ વિભાગના ડાયરેકટર પદેથી નિવૃત થઈને અમદાવાદ સ્થાપી થયા હતા. આવાજ એવા બીજા વિદ્ધવાન સૈયદ અકબરઅલી તીરમીઝી પણ અવારનવાર અમદાવાદ આવતા હતા. ઉર્દૂના ઉચ્ચકોટિના વિવેચક, પ્રો.વારિસ અલ્વી સાહેબની મૌજૂદગી અને ઉપરોકત વિદ્ધવાનોની જ્ઞાનગોષ્ટિ એ ઉર્દૂ અકાદમીના પુસ્તક (પ્રકાશન) ના કાર્યક્રમોમા ખાસ કરીને ગુજરાતના ગુજરી સાહિત્યની રચનાઓને પ્રકાશિત કરવામાં ઉંડો રસ દાખવ્યો. પરિણામ સ્વરૂપ આજે આપના હાથમાં ઉપરોકત ખ્વાજા મહમૂદ દરિયાઈ સાહેબની અલભ્ય ગુજરી કલામનો ખજાનો અમો પ્રકાશિત કરી શકયા છીએ, એ બાબતનો મને અનહદ આનંદ છે. જેને શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી.

વાંચક મિત્રો

ઉર્દૂ સાહિત્ય અકાદમીએ આ અગાઉ અમદાવાદના અને હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈના સમકાલિન એવા શાહ ખૂબમહંમદ ચિશ્તીની "**ખૂબ તરંગ**" નામની કિતાબને પ્રકાશિત કરેલ છે. જે મારા મતે ગુજરી સાહિત્યમાં અને ગુજરાતમાં સૌથી પહેલુ એક મહત્વનું પ્રદાન છે. અને સાથે સાથે એજ સમયના બીજા સુફી હઝરત બહાઉદ્દીન બાજનનો ગુજરી કલામ પણ ઉર્દૂ ગુજરીમાં પ્રકાશિત થયેલ છે. (તેઓ દરિયાઈ સાહેબના મુરીદ અને ખલીફા પણ હતા તેવુ જાણવા મળે છે. અને બુરહાનપુર એમ.પી. મુકામે તેમનો મઝાર આવેલ છે.)

ઉપરોકત પૂર્વભૂમિકા પછી હવે હું મૂળ પુસ્તક દીવાને કાઝી મહમૂદ હરિયાઇ અને મુકર્રમી અકબર અલ તીરમીઝી સાહબથી જાણવા મળ્યું કે કાઝી સાહબનો સંપૂર્ણ દીવાન મશહદી ખાનદાનના સજજાદાનશીન કિબ્લા કાલૂમિયાં સાહેબ પોતાના અંગત સંગ્રહમાં તેઓને જોવા મળેલ અને તે ગુજરી સંગ્રહની માઇક્રોફીલ્મ બનાવીને તેઓએ હઝરત ઝહીરૂદ્દીન મદની સાહેબને તલસ્પર્શી અભ્યાસ માટે આપેલ હતી, આ લખનાર તે સમયે ગુજરાત વિદ્યાપીઠમાં ઉર્દૂના અધ્યાપક તરીકે સેવાઓ આપતા હતા. ત્યારબાદ જાણવા મળ્યું કે, ઉપરોકત હસ્તલિખિત દીવાન જ કાલૂમીયાં સાહબના સુપુત્ર પીરઝાદા સૈયદ તમીઝુદ્દીન પાસે સુરક્ષિત છે. ત્યારબાદ એક દિવસે હું, પ્રો. ઝેડ.એ.દેસાઇ સાહેબની સાથે મુકર્રમી જનાબ તમીઝુદ્દીન સાહેબ પાસે પહોંચી ગયા. તેઓએ, એજ દિવસે ઉપરોકત કલમી દીવાનની હસ્તપ્રત અમોને સુપુર્દ કરી મુકર્રમી ઝેડ.એ.દેસાઇ સાહેબે એ દીવાન હાથમા લીધું અને ઉલટ-પલટ કરીને જોયું તો તેમાં ઉધઇ પણ લાગેલ હતી. જેના લીધે લખાણ પણ બરાબર વાંચી શકાય તેમ ન હતું. આ દીવાનને ખોલીને જોયું ત્યારે અમારા આશ્ચર્ય વચ્ચે, એ જોવા મળ્યું કે દીવાનમાં સામેલ દરેક ઝીકરીના મથાળે લાલસહીથી, જે તે રાગનું નામ લખેલ હતું. જેથી અમોને આ બાબતની પૂરેપૂરી ખાત્રી થઇ ગઇ કે, હઝરત કાઝી મહમૂદ હરિયાઇ સાહેબ રાગરાગણીના જાણકાર હતા. અને પોતાનું લખેલ કલામ તરન્નૂમ મા (ગાઇને) સંભળાવતા હતા.

મુકર્રમી ડૉ. ઝેડ.એ. દેસાઇ સાહેબ કે જેમણે પ્રસ્તુત કાર્યમાં ઉંડો રસ લઇને કેટલાક શબ્દોમાં સુધારા વધારા કર્યા. પરંતુ તેઓ પોતાની નોકરીમાં અત્યંત વ્યસત રહેતા હોવાથી ઉપરોકત કાર્યમાં સંપૂર્ણ ધ્યાન ન આપી શકયા, તે દરમ્યાન ગુજરી ભાષાના કેટલાક જાણકારોએ પણ પ્રયત્ન કર્યા પરંતુ તેઓ સફળ થઇ શકયા નહીં, અંતે એક દિવસે મારા પ્રિય મિત્ર પ્રો.નસીરમીયાં એમ. કાઝી સાહેબે, આ હસ્તપ્રતને જોઈ અને તેમાં જનાબ મુકર્રમી દેસાઇ સાહેબની નોંધ વાંચીને, તેઓએ કહ્યું કે અમારા ગામમાં આજે પણ કસબાઓમાં ઓછુ ભણેલા લોકો દેહાતી આબાદીમાં વસવાટ કરતા આ પ્રકારની બોલી સાંભળવા મળે છે. આ પ્રકારની પ્રો.કાઝી સાહેબની ગુજરી શબ્દોની જાણકારી અને ભાષા સાથેની દ્રષ્ટિએ તેમનું પઠન અને દેશી ઉચ્ચારણની જાણકારીથી તેઓ કંઇક અંશે સહમત થયા. પરિણામ સ્વરૂપ પ્રો.નસીરમીયાં કાઝી સાહેબે ખૂબ જ નિષ્ઠા અને અત્યંત ઉંડાણપૂર્વકના

ચિંતન અને મનન તેમજ પાંચેક વર્ષના ખૂબ જ દીર્ઘકાલિક સમયગાળામાં આ સાહિત્ય કર્મને સંપૂર્ણ કર્યું જે આજે આપના હાથમાં પુસ્તકરૂપે મુકતા હું હર્ષની લાગણી અનુભવું છું.

મારા પરમ મિત્ર જનાબ હાજીમીયાં કાદરી, (નિવૃત્ત પ્રિન્સીપાલ) કે જેઓ ઉર્દૂ ફારસી સાહિત્યના અભ્યાસુ છે, તેઓશ્રીએ પણ આ પુસ્તકના પ્રકાશનના કાર્યમાં પોતાની યથાશકિત નિઃસ્વાર્થ સેવાઓ આપી છે. તેની અત્રે સહર્ષ નોંધ લઇ, તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું.

આ કિતાબ માટે હઝરત પીર સૈયદ હાજી મદનીબાવા દરિયાઇ સાહેબ અવારનવાર પીર મોહંમદશાહ લાયબ્રેરી અને મારા ઘરે આવતા અને આ કિતાબના પ્રકાશન અંગે વારંવાર રજુઆત કરતા હતા અને તેઓની હઝરત દરિયાઇ સાહેબ પ્રત્યેની લાગણી અને તેઓની કિતાબો પ્રસિધ્ધ કરવાની ઝંખના અને તાલાવેલીનો હું સાક્ષી રહ્યો છું. તે વાતનો ઉલ્લેખ કરતા મને હર્ષ થાય છે.

પુસ્તક પ્રકાશનની જવાબદારી સ્વીકારવા બદલ સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલનો આભાર માનીએ એટલો ઓછો છે. આ કમિટીના પ્રમુખ ખલીફ-એ મુફ્તીએ ગુજરાત પીરે તરીકત અલ્હાજ **મોહંમદ સુલેમાન જે. ઇસાણી દરિયાઇ બરકાતી** ઉપપ્રમુખ ખલીફ-એ મુફ્તીએ ગુજરાત પીરે તરીકત અલ્હાજ **સૈયદ મોહંમદમીયાં અબ્દુલમજીદમીયાં નાગાણી દરિયાઇ બરકાતી** સાહેબનો હૃદયપૂર્વક આભાર...

અંતે આશા રાખું છું કે ગુજરાતના સુજ્ઞ વાચકો કે જે ગુજરી સાહિત્યના વાચનમા રસ રુચિ ધરાવે છે, તેઓ અમારા આ પ્રયાસને હોંશભેર વધાવી લેશે, એજ આશા રાખું છું.

દુઆગો

પ્રોફેસર મુહ્યુદ્દીન બોમ્બેવાલા

ડાયરેકટર હઝરત પીર મોહંમદશાહ લાયબ્રેરી એન્ડ રીસર્ચ સેન્ટર

પાનકોરનાકા, અહમદઆબાદ

તા.૨૫-૦૨-૨૦૧૮ ઈતવાર

નશેમન સોસાયટી, રોયલ પાર્ક સોસાયટીની બાજુમાં,

જુહાપુરા, સરખેજ રોડ, અહમદાબાદ-૫૫

આમુખ

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે ઘણો જ મહેરબાન અને રહેમતવાળો છે.

હુવલ્લઝી બ–અ–સ–ફિલ ઉમ્મિય્યી–ન–રસૂલમ મિન્હુમ–યત્લૂ – અલૈહિમ – આયાતિહી – વ– યુઝકકીહિમ વયુ–અલ્લિ મુહુમુલ – કિતાબ –વલ –હિક–મ–ત વ –ઇન કાનુ–મિન કબ્લુ – લફી – દલાલિમ – મુબીનિંવ.

(પારા : ૨૮ - સુરએ જુમઅહ આયત ૨૮)

અર્થ : તેજ અલ્લાહે અભણ (અરબો) લોકોમાંથી એક રસૂલ મોકલ્યા, જે તેમને અલ્લાહની આયતો પઢી સંભળાવે છે, અને (શિર્કથી) પવિત્ર કરે છે, તેમને કિતાબ તથા દીનની વાતો શિખવે છે, આ પહેલા તેઓ માર્ગ ભૂલેલાં હતા.

તેવી જ રીતે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હદીષેપાકમાં ઈર્શાદ ફરમાવે છે કે

ત–લ–બુલ ઇલ્મે ફરીઝતુન અલા કુલ્લે મુસ્લમિં–વ–મુસ્લિમાહ

અર્થ : ઈલ્મનું તલબ કરવું પઢવાનું શિક્ષણ લેવું ફર્ઝ છે, દરેક મુસ્લિમ પુરૂષ અને સ્ત્રી ઉપર ફરજિયાત છે.

અલ્લાહ તઆલાના કરમ અને એહસાનથી મને આ કિતાબ **"હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ રેહમતુલ્લાહે અલયહે ની જીકરીઓના અણમોલ રત્નો"** નું આમુખ લખવા માટે કહેવામાં આવ્યું, ત્યારે થોડી ક્ષણો માટે હું વિમાસણમાં પડયો, કારણે કે હું કમ ઈલ્મી માનવી આ અતિ દુલર્ભ અને અદ્રશ્ય થઇ ગયેલ ગુજરી ભાષાની ઉપર છણાવટ કે આલોચના કરવાની મારામાં લાયકાત નથી, પણ મારી સુઝ-બુઝ કે, જે મારા રબ્બે કરીમે મને આપી છે, તે આધારે મેં કુરઆને પાકની આયતે કરીમાની શાને નુઝુલ પ્રમાણે સમજાવવા માટે, અને સમજવા માટે, મેં કોશિશ કરેલ છે. અને મેં અલ્લાહ તઆલાના આખરી નબી સરવરે અંબિયા, સૈયદના મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકએ તુફૈલ અને આપના એહલે બૈત, આલેપાકના કરમ અને અહેસાનથી આ ગુજરી કલામના પુસ્તક વિષે બે શબ્દો લખવાની કોશિશ કરેલ છે. અલ્લાહ તઆલા તેના હબીબે પાક, એહલે બૈત, અને આલે પાક ઉપર તથા તેના સહાબા, ઔલિયા, અંબિયા ઉપર દુરૂદો

સલામ નાઝિલ થાય. આજ અનુસંધાને આપણે અલ્લાહના નબીની શાનમાં, હુઝૂરે પાકના ખાસ ચાહક, આશિકે રસૂલ હઝરત હસ્સાન-બિન-સાબિત રદિઅલ્લાહો તઆલા અન્હુ કહે છે કે,

અહસનુમિનક।-લમ-તરકત્તુ-ઐની-વ-અજમલુમિન-કલમ-તબિદિન નિસાઉ, ખુલિક-ત-મુબરેઅન-મિન-કુલ્લિ-ઐબીન-કઅન્ન-ક-કદ-ખુલિક-ત-ક-મ તશાઉ.

અર્થ : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપ જેવા સૌંદર્યવાન, મારી આંખે મેં કયારેય જોયા નથી, યા રસુલલ્લાહો સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપ જેવા જમાલવાળા કોઇ માં એ પૈદા જ નથી કર્યા. યા રસૂલ્લલ્લાહો સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપને દરેક ખરાબીથી પાક સાફ પૈદા ફરમાવવામાં આવ્યા. આપ જેવું ઇચ્છતા હતા એવા જ આપને બનાવવામાં આવ્યા. ઇસ તરહ મેરે રબને કિસી કો ભી સજાયા નહીં, સંવારા નહીં.

વાચક મિત્રો ! હવે આપણે અસલ મકસદ ઉપર જઇશું અલ્લાહ તઆલાના નેક બંદાઓએ ગદ્ય અને પદ્ય ઉપર બેશુમાર કામ કર્યું અને ઇસ્લામની તબ્લીગ કરી, કુરઆને કરીમ અલ્લાહ તઆલાની હમ્દ અને રસૂલે પાકની નાતગોઇ દ્વારા પોતાની અકીદતનો ઇઝહાર કરેલ છે. આપણે જાણીએ છીએ નાતે પાક પઢવામાં સહાબીએ રસૂલ હઝરત હસ્સાન બિન સાબિત રદીઅલ્લાહો તઆલા અન્હો, હઝરત સૈયદ ઇમામ ઝૈનુલ આબિદીન રદીઅલ્લાહો અન્હો વગેરે પણ અરબીમાં નાતગોઇ કરતા હતા. તેવી જ રીતે ફારસીમાં સૂફીવાદના કાવ્યોના સર્જનમાં અબુ-સઇદ-બિન અબુલ ખૈર સનાઇ શેખ સાદી ખ્વાજા ફરીદુદ્દીન અત્તાર અને ઇમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી રેહતમો રિદવાનનો નોંધપાત્ર ફાળો છે. તે કેમ વિસરી શકાય.

શેખ સાદી રેહમતુલ્લાહે અલયહે ફરમાવે છે કે,

બલગલ ઉલા બિ કમાલિહિ, કશફ્દ્દુજા બે જમાલિહિ
હસોનત્ જમીઓ ખિસાલિહિ, સલ્લૂ અલૈહિ વ આલિહિ

પદ્યાનુવાદ

પરિપૂર્ણતાની આણની, છે જેહ પદવી ઉચ્ચતર,
છે, જે પ્રત્યેક કાન્તિને પ્રતાપે, તિમિરતાનું રાજયસર,
સદ્ગુણ છે, પ્રત્યેક જેના ઉચ્ચતર, ને દિવ્યતર
સલવાત હજો, તેના પર, ને તેના પરિવાર પર

આ સંદર્ભે મૌલાના જલાલુદ્દીન રૂમી રહમતુલ્લાહે અલયહે ફરમાવે છે કે,

ચું ખદુલ્લાહ ફવક અયદીહીમ બુવદ
દસ્તે ઉરા દસ્તે ખુદ ફરમૂદ અહદ,
ચું કૌલે હકબુવદ માં મર્દ રાસ્ત,
દસ્તે-ઉ-દર -કારહા દસ્તે ખુદાસ્ત

અર્થ : અલ્લાહનો હાથ જેમના હાથ પર છે, એવા લોકોને અલ્લાહે પોતાનો હાથ ફરમાવ્યો છે, જ્યારે કોઈ બંદાને અલ્લાહ પોતાનો મકબૂલ બંદો બનાવી દે છે, ત્યારે તમામ કામોમાં તેનો હાથ જાણે અલ્લાહનો હાથ હોય છે.

એશિયામાં નાતીયા શાયરીનું બાકાયદા લખાણ સુલતાન શિહાબુદ્દીન ના યુગમાં જોવા મળે છે, આજયુગમાં હઝરત અમીર ખુસરો રહમતુલ્લાહ અલયહે દ્વારા નાતીયા શાયરીને વેગ મળ્યો, તેમની ગઝલો ઈશ્કે હકીકીથી ભરપૂર છે. અને હજારો આશિકોના દિલોમાં તાજદારે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નો ઈશ્ક ભરીને રડાવી દે છે. હવે આપણે અમીર ખુશરો રહમતુલ્લાહે અલયહે ની એક ફારસી ગઝલનો લુત્ફ ઉઠાવીએ

ખુદા ખુદ મીરે મજલિસ બૂદ
અંદર લામકાં ખુસરો
મુહમ્મદ શમ્એ મેહફિલ બુદ
શબ જાએ કે મન બૂદમ

અનુવાદ : હું જ્યારે ઈબાદતમાં મશગૂલ હોઉં છું. બરાબર એજ સમયે મારા ખુદાનું નુર મારી સભામાં ઉપસ્થિત હોય છે. ત્યારે મને મારા આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પ્રત્યક્ષ હાજરીનો, એજ જગ્યાએ એહસાસ થાય છે. જેમાં પૂરી રાત્રિ વીતી જાય છે.

તેજ પ્રમાણે સિલસિલએ કાદિરીયા, ચિશ્તીયા, સુહરવર્દીયા, રિફાઈયા, શાઝીલીયા ના બેશુમાર સૂફીઓએ હમ્દ, નાત, રૂબાઇ, શેરો શાએરી, જેવા પદ્યના જુદા જુદા પ્રકારોમાં કાવ્ય સર્જન કરીને ઈસ્લામ અને અન્ય ધર્મોના લોકો સમક્ષ રહીને ઈસ્લામનો પ્રચાર-પ્રસાર કરવામાં નોંધપાત્ર ફાળો આપેલ છે.

આજ પરંપરાની કડીરૂપે, ગુજરાતના મશહુરો મારૂફ (સુવિખ્યાત) બુઝુર્ગ, સૂફી શાયર, હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઇ મહેબૂબૂલ્લાહ અને એવોના સમકાલિન, હઝરત શાહ અલીજી ગામધની, રિફાઇ (એહમદાબાદી)

હઝરત બહાઉદ્દીન બાજન (બુરહાનપુર એમ.પી.) હઝરત ખૂબમુહંમદ ચિશ્તી (એહમદાબાદ) અને હઝરત દરિયાઇ સાહેબના વાલિદ સાહેબ હઝરત ખવાજા હમીદુદ્દીન ચાહેલ્દા આરિફ બિલ્લાહ રહમતો રિદવાન અને દરિયાઇ સાહેબના પૂરા પરિવારના બુઝુર્ગો પણ ગુજરી કલામમાં નિપુણ હતા. તે માટે જ ગુજરાતના સુલતાન ખલીલખાન ઉર્ફે મુઝફ્ફરશાહ હલીમ (બીજા) જે હઝરત દરિયાઇ સાહેબના ખલીફા અને મુરીદ હતા તેઓ કહે છે કે, તેઓને ખ્વાજા મહમૂદ દરિયાઇ સાહેબની જિકરીઓ ખૂબ જ પસંદ હતી અને તેઓ જિકરીઓને સાંભળીને ખૂબ જ ભાવવિભોર થઇ જતા અને તેઓ એટલે સુધી કહેતા કે જો આ કલામ અરબીમાં હોત તો, હું આલિમોને એવું કહેતો કે તેઓ પોતાના ખુત્બા (વાઅઝ) માં પણ મારા પીરના ગુજરી કલામોનો સમાવેશ કરે, અને તેમાં રહેલા ભાવાર્થ ને વિસ્તારપૂર્વક સમજાવે, જેથી મારા પીરના અકીદતમંદો, ગુજરીના ચાહકો, ગુજરી કલામનો લુત્ફ ઉઠાવી શકે. આ સંદર્ભે હઝરત સુલતાન મુઝફ્ફરશાહ હલીમ તેઓના પીરો મુર્શિદ ખ્વાજા મહમૂદ દરિયાઇ સાહેબના વચ્ચેનો એક રૂહાની કિસ્સો અમો અત્રે રજુ કરીએ છીએ. એક વખતે સુલતાન મુઝફ્ફર શાહે દરિયાઇ સાહેબ પાસે આવી અર્જ કરી કે, મને આપની મહેફિલોમાં શામેલ કરો દરિયાઇ સાહેબે મુરાકબો કર્યો, ત્યારે ગૈબથી અવાજ આવ્યો કે તમારા મુરીદ અને બાદશાહ મુઝફ્ફરશાહને ચાલીસ દિવસ સુધી ચિલ્લો કરાવો, આપ દરિયાઇ સાહેબે બીરપુર શરીફ ખાતે આવેલ મુઝફ્ફરખાન ફોઝદારની મસ્જિદમાં, જે પ્રેમગલી પહાડ પાસે અત્યારે પણ મૌજૂદ છે, તે જગ્યાએ આપે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દીદાર માટે વિર્દ-વઝાઇફ અતા કર્યું, અને જરૂરી નસીહત કરીને કહ્યું કે, ચાલીસ દિવસ-રાત સુવાની મનાઇ છે. તે મુજબ સુલતાન મુઝફ્ફરશાહે આપની તમામ નસીહતો અમલમાં લાવવાની કોશિશ કરી, પરંતુ સાતમી રાતે મુઝફ્ફરશાહને ઉંઘનો ગલબો થયો, અને ઉંઘી ગયા.

બીજી તરફ હઝરત દરિયાઇ સાહેબને ઇલ્હામથી ખબર થઇ ગઇ કે તમારા મુરીદ સુલતાન મુઝફ્ફરશાહ ઉંઘી ગયા છે. જાઓ તેઓને જઇને જાગૃત કરાવો કે જેથી તેઓની મુરાદ બર આવે. દરિયાઇ સાહેબે સુલતાન પાસે જઇને નીચે જણાવ્યા પ્રમાણેનો ગુજરી કલામ સંભળાવીને સુલતાનને ઉંઘમાંથી જગાડયા.

જાગ નીદ્રાલુ જાગ સવેરા,
સોવન કી તેરી કોન હે વેલા,
જીન્કો હૈ આગુન પંથ ચલના
ઉન્કો નયન્દ ન ચિન્ત કયું સોના

(આ કલામ મુબારકના કુલ તેર (૧૩) અશ્આર છે)

આ કિતાબનો મૂળ ફારસીમાંથી પ્રાચીન ઉર્દૂ કે જેને ભાષા શાસ્ત્રીઓ ગુજરી કહે છે. તે ગુજરી ભાષાનો કોઇ શબ્દકોષ ન હોવા છતાં, લગભગ સતત દસ વર્ષના લાંબા ગાળા દરમ્યાન રાત-દિવસ નિષ્ઠાપૂર્વક ગુજરી કલામનો ઉંડો અભ્યાસ કરીને, પ્રસ્તુત કિતાબનું લિપિયાન્તર કરનાર જનાબ પ્રોફેસર કાઝી નસીરમીયાં મહમૂદમીયાં ચિશ્તી અલ કાદિરી કલોલવી સાહેબનો મારા ખાનદાને દરિયાઇ કુલ્હા તરફથી હું ઘણો જ અહેસાનમંદ છું કે આ કાર્યને ખૂબ જ ચોકસાઇપૂર્વક પૂર્ણ કરી આપ્યું. સાથે સાથે હઝરત પીર મુહંમદશાહ લાયબ્રેરી એન્ડ રિસર્ચ સેન્ટરના નિયામક પ્રોફેસર મુહયુદ્દીન બોમ્બેવાલા સાહેબ પ્રત્યે પણ અંતઃકરણપૂર્વક આભારની લાગણી વ્યકત કરું છું. તેઓએ આ કિતાબની અસલ હસ્તપ્રત મેળવી, તેને જતનપૂર્વક સાચવીને, અમોને તેની ફોટો કોપી સુપર્દ કરી, જેથી આ કાર્યમાં અમોને આસાની રહી છે. હું પણ છેલ્લા પંદર વર્ષથી આ કિતાબના પ્રકાશન માટે અથાગ પ્રયત્ન કરતો હતો અને તેના ભાગરૂપે અવારનવાર હઝરત પીરમુહંમદ શાહ લાયબ્રેરીની મુલાકાત લઈને, તે અંગે નિયામક જનાબ પ્રોફે. બોમ્બેવાલા સાહેબ સાથે ચર્ચા-વિચારણા કરતો, કહેવતમાં છે ને કે **"મન હોય તો માળવે જવાય" એજ આ કાર્ય સાર્થક થયું છે, એનો મને અનહદ આનંદ છે.**

આ કિતાબની પ્રસ્તાવના લખવા માટે પોતાનો કીંમતી સમય આપનાર અમારા વડીલ અને ગુજરાતના પ્રથમ પંકિતના શૈખુલ મશાઇખ હઝરત પીર સૈયદ અલ્હાજ મુફ્તી કમરૂદ્દીન બાવા એ. પીરઝાદા દરિયાઇ, કુત્બી, કારંટવી સાહેબનો અત્રે હૃદયપૂર્વક આભાર માનું છું કે તેઓએ પોતાના અમૂલ્ય બે બોલ... લખી આપીને કિતાબને રોનક બખ્શી છે. સાથે સાથે અમારા બીજા મશાઇખ ગુજરાતના જાણીતા લેખક પીરે તરીકત હઝરત અલ્હાજ સૈયદ દાદામીયાં એસ. હુદી કાદિરી હુસૈની (રૂપાલવાળા બાવા સાહેબ) નો પણ હું શુક્રગુઝાર છું કે તેઓએ અમારી વિનંતિને માન આપી તાત્કાલિક પ્રસ્તુત કિતાબ વિષે માહિતીસભર અને ઐતિહાસિક અભિપ્રાય

લખીને અમારી જાણકારીમાં વધારો કરેલ છે. તે બદલ તેઓનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તદઉપરાંત સુન્ની મુસ્લિમ કમિટી (મુ.ગોંડલ, જી.રાજકોટ) ના પ્રમુખ જનાબ હાજી સુલેમાનભાઇ જે. ઈસાણી, હરિયાઇ બરકાતી સાહેબ અને હઝરત પીર સૈયદ મુહંમદમીયાં બાપૂ એમ. નાગાણી હરિયાઇ બરકાતીનો પણ, આ પુસ્તક પ્રકાશનની જવાબદારી સ્વીકારી, અમોને પ્રોત્સાહિત કરવા બદલ, તેઓનું ઋણ સ્વીકાર કરી આભારની લાગણી વ્યકત કરૂં છું. અંતે આ કિતાબના લેખન અને તેના સુધારા-વધારાની કામગીરી વખતે સતત મારી સાથે રહેનાર, મારા અઝીઝ દોસ્ત, જનાબ હાજીમિયાં નાથુમિયાં કાદરી (મુ.સમી, જી.પાટણ) એ આપેલ સહકાર ભૂલી શકાય એમ નથી. તેઓ અને તેઓના વાલિદ સાહેબ મર્હુમ સૈયદ નાથુમિયાં હુસૈનમિયાં કાદરી સાહેબ, હઝરત હરિયાઇ સરકારના ઉર્સમાં દર વર્ષે અચૂક તેઓના ખાસ મિત્ર જનાબ એસ.પી.ખાન સાહેબ (મુ.હેલીયાથરા, જી.પાટણ, ઉ.ગુજરાત) સાથે મારા કાકાના ઘરે બીરપૂર મુકામે આવતા હતા. અમોને એવું જાણવા મળ્યું કે ખાન સાહેબે પોતાના ફાર્મનું નામ પણ "હરિયાઇ ફાર્મ" રાખ્યું હતું. જે તેઓની હરિયાઇ પીર સાહેબ પ્રત્યેની અકીદત અને મોહબ્બતની નિશાનીરૂપ છે, તેઓનું અત્રે સ્મરણ કરતાં હું અત્યંત ગૌરવ અને આનંદની લાગણી અનુંભવું છું.

મારા આમુખના અંતે, અગાઉ મેં જે પ્રમાણે ઉલ્લેખ કરેલ છે. તે મુજબ હઝરત ખ્વાજા મહમૂદ હરિયાઇ કુલ્હાના પરિવારના બુઝુર્ગો પણ ગુજરી કલામમાં નિપૂણ હતા. તેઓના લખેલ કેટલાક કલામ અત્રે દાખલારૂપ રજુ કરવા માંગું છું

સૌ પ્રથમ હઝરત હરિયાઇ સાહેબના વાલિદ સાહેબ, હઝરત હમીદુદ્દીન ચાહેલ્દાહ, આરિફ બિલ્લાહ રહમતુલ્લાહે અલયહેના થોડાંક, પરંતુ અણમોલ એવા ગુજરી કલામ નીચે મુજબ છે. હરિયાઇ સાહેબની પૈદાઇશ વખતે નીચે પ્રમાણેની જીગરી કહી હતી. તેમાં પંદર પંકિતઓ છે તેમાંથી અમો પ્રથમ બે પંકિતઓ રજૂ કરીએ છીએ.

કીરચા આજ સાંઇ મુજ કીતે સૈયા તેઇ કુચ્છ સનયાં
વો દુઃખ મેરે જીવકા બહાના જી ભેદ ન લેતે ગીનયાં

હરિયાઇ સાહેબના ખુદના જાણીતા અને લોકભોગ્ય એવા ગુજરી કલામ અત્રે પ્રસ્તુત કરીએ છીએ. જે આપને મહેબૂબૂલ્લાહનો ખિતાબ

(પદવી) એનાયત કરવામાં આવી તે સમયે આપે નીચે પ્રમાણે નબીએ કરીમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પ્રશંસામાં જિગરી કહી સંભળાવી હતી. જે નીચે મુજબ છે.

સાજન આયા ગલી હમારે ખીલી મેરી દયહારે
નયન ભરી ભરી સરમા કર સો પાઉં તલે કી ખીસયારે
લોગ સભાયા દેખન આયા ઉગા પુનમ ચંદારે
જીનને દેખના ઉન સીખ નમાયા હોકર રહીયા બંદા રે
મીલ સૈયાં રંગ ગલીયાં ગાઉં જબ શેહ મંહદી લાએ રે
ધુલ ધુલ રંગ સો મુજ તન બેઠા દેતી સાંઇ બળહાઇ રે
જગ ભાગ મહેમૂદ કે સો નબી નબી મહેમૂદ પાસે રે
જીસકે રંગીન પે જગા રાત સો મુજહ અલ્લાહને મીલાયા રે

આપના જયેષ્ઠ પુત્ર (દીકરા) હઝરત શૈખુલ ઇસ્લામ તોહફએ રસૂલ શાહ લાડમુહંમદ રેહમતુલ્લાહ અલયહે, પિદરે બુઝુર્ગની જુદાઇમાં નીચે પ્રમાણેની જીગરી કહેલ છે.

કોઇ કહીયો રે વાહેલા વાલે સુનો સો મીલના હોવે કબ લગા
જબ તુમ કીતી ચલન કી બાતો ઘળી દોહેલી ગઇ ગુજરાતમાં

હવે આપના બીજા શાહબઝાદા હઝરત શાહ જમાલમુહંમદ રેહમતુલ્લાહે અલયહે પોતાના વાલિદના વિસાલના સમયે નીચે પ્રમાણે જીગરી લખેલ છે.

શાહ ચાહેલ્દા તન પીયું સન મહમૂદ મીતા
કહે જમાલુ ફિર મુખ કયું રહીયા નચીતા

ત્યારબાદ દરિયાઇ સાહેબના ભાઇ હઝરત મુહંમદ ચાંદ બિન હમીદુદ્દીન ચાહેલ્દા રેહમતુલ્લાહે અલયહેએ પોતાના ભાઇના વિસાલના સમયે નીચે જણાવેલ દર્દભરી જીગરી લખેલ છે.

તુમ બિન મુજકો સબ જગ સુના કીસ દહરા કહું રાવ
મીઠે બચનુ બોલું સાથી કયું નહીં કહેતે આવ
શાહ ચાહેલદા બાબન અપના ઉન હું રચાયા રાજ
એસે સાદ કરી તુમ મેરે બંદ હો ચંગી કાજ
શાહે ચાહેલદા તન બેરન મહમૂદ મેરા માન વધાઓ
વંદ ઓવસર તુજ કર તેરે ચાંદ કે સપને આઓ

આવી જ રીતે આપના ખાનદાનમા પેઢી દર પેઢી નામવર શાયરો, થતા આવ્યા છે, જેમાં પીર સૈયદ ગુલાબુદ્દીન ઉર્ફે ગુલાબ સાહેબે દરિયાઇ સાહેબનું તમામ જીવનચરિત્ર અને મલફૂઝાતને લગભગ સાતસો પંકિતઓમાં વર્ણન કરેલ છે. અમોને આ કિતાબના પૃષ્ઠો વધી જવાનો અંદેશો રહેતા, આ આમુખને અહીં પૂર્ણ કરું છું, અને હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઇ સાહેબના એક કોલ, સાથે વિરામ લઉં છું.

"પીર ચુના કે બાયદ મુસ્તહિક ઝા બ રાહ મસ્તૂજબ રહમત ગર દાનદ"

(પીર ઉસકો કેહતે હૈ, કે જો હોઝખી કો જન્નતી બના દે)

"તાલિબે ખુદા આમદા, અમલ ખુદા રસાનીદ"

(યાની ખુદાકા તાલિબ હોકર આયા હું, મુઝે ખુદા તક પહોંચા દીજીયે.)

અંતે આ કિતાબના પ્રિન્ટીંગની કામગીરી કે જે ઘણી જ જટિલ હતી, તેને ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને ચોકસાઈથી સ્વચ્છ, સુંદર, મુદ્રણ કરવા બદલ મદની ગ્રાફીકસ (શકીલ મન્સુરી) નો પણ અમો અત્રે સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલ વતી આભાર માનીએ છીએ.

દુઆગો

ખાક પાએ ઔલિયા, ગદાએ-દરિયાઇ

મેહબૂબુલ મશાઈખ અલ્હાજ પીર

સૈયદ ગુલામ અબ્બાસ ફતેહમહંમદ

અલમારૂફ મુહમ્મદ મદની બાવા દરિયાઇ, કાદિરી

આમેના મંઝીલ, મુ.પો. બીરપુર શરીફ,

જી.મહીસાગર (ગુજરાત) પીન ૩૮૮૨૬૦

મો.૯૮૭૯૧ ૮૧૧૫૬.

તંત્રી : ફૈઝ-એ-દરિયાઇ (માસિક)

૨, અમ્માર ટેનામેન્ટ, વિશાલા સર્કલ, હેનાબેંક લાઈન,

સરખેજ રોડ, જુહાપુરા, અહમદઆબાદ-૩૮૦૦૫૫.

મો.૭૦૧૬૯૪૫૮૫૫

૨૧ રબીઉલ આખર હિ.૧૪૩૯ , તા.૧૦-૦૧-૨૦૧૮ બરોઝ બુધવાર

AB

સુન્ની મુસ્લિમ કમિટીના બે બોલ

નહમદુહુ વ નસ્તઅી નુહુ વ નુઅમિનો બિહી વ ન તવક્કલો અલયહે વ નુસલ્લી અલા રસુલેહિલ કરીમ.

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

ઇક-રઅ બિસ્મ રબ્બિકલ લઝી ખલક ખલકલ ઇન્શા-નમિન અ-લક ઇકરહ-વ-રબ્બુકલ અક-રમુલ અલલઝી અલ્લમ બિલક-લમ અલ્લમલ ઇન્સાન મા-લમ યઅ-લમ અલ્લ-મલ ઇન્સા-ન મા-લામ યઅ-લમ.

અર્થ : અલ્લાહના નામથી શરૂ ઘણો જ મહેરબાન રહમવાળો છે.

(અબુ જહલ વિશે) (હે મહબૂબ) પોતાના રબનું નામ લઈ પઢો. જે તમામ મખ્લૂક નો સર્જક છે. જેણે ઇન્સાનને જામી ગયેલા લોહીથી બનાવ્યો. પઢો, (બીજી વખત કહ્યું) અને તમારો પરવરદિગાર જ મહાકૃપાળુ છે. જેણે કલમ વડે ઇલ્મ શીખવ્યું અને મનુષ્યને એવી વાતો શીખવી કે જે તે જાણતો ન હતો. (પારા -30 સૂરએ અલક આયત ૧ થી ૪)

નહમદુહુ વ નસ્તઅી નુહુ વ નુઅમિનો બિહી વ ન તવક્કલો અલયહે વ નુસલ્લી અલા રસુલેહિલ કરીમ.

અલ્લાહ રબ્બુલ અર્શીલ અઝીમના કરમ અને અહેસાનથી પ્યારા મીઠા મહીનાના તાજદાર નબીએ કરીમ હુઝૂર રિસાલત મઆબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ના સદકે અમો આજે આ કિતાબ **હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા (રહમતુલ્લાહે અલયહે) ની જીકરીઓના અણમોલ રત્નો** પ્રકાશન કરી બારગાહે હઝરત ખ્વાજા દરિયાઇ સરકારમા ખિરાજે અકીદત પેશ કરી રહ્યા છીએ. અલ્લાહ તઆલાની હમ્દો સના બાદ લાખો કરોડો દરૂદ નાઝીલ થાય આપ સરકારની જાતે પાક ઉપર અને આપની આલ ઔલાદ સહાબા પર અમો હિન્દુસ્તાનના પ્રથમ ઇસ્લામની મોટી ખિદમત કરનાર, ઉચ્ચ વલીયુલ્લાહ કે જેઓ ગુજરાત જ નહીં સમગ્ર વિશ્વમાં રૂહાની, ઇલ્મી પ્રકાશ પાથનાર વલીએ કામીલ મહેબૂબે સુબ્હાની, કુત્બે રબ્બાની ગૌષે ઝમાં, કુત્બે વકત, અરબી, ફારસી, ગુજરીના મહાન લેખક, કવી, હઝરત હાફેઝ ખ્વાજા મહમૂદ મહેબૂબૂલ્લાહ દરિયાઇ દુલ્હા રહમતુલ્લાહે અલયહે (પેદાઇશ ૮૭૩ હિ.સ. વફાત ૯૪૧ હિ.સ.) ની બાતેની દુઆથી આ

કિતાબ છપાવી પ્રગટ કરવાનું અમોને જે ખિદમત કરવાની તોફીક નસીબ થઇ તે બદલ અમો ગર્વ અનુભવીયે છીએ.

અલ્લાહવાળાઓની સોહબતથી ઇમાન તાજો થાય છે. રૂહને તાજગી, અમન મળે છે. અને નફસાની, શૈતાની, ખતરા, વસવસાથી મુકતી મળે છે. અલ્લાહની યાદ આવે છે. અને આખેરત ની ફીકર પેદા થાય છે.

હઝરત મૌલાના રૂમ રહમતુલ્લાહે અલયહે ફરમાવે છે કે અલ્લાહ વાળાઓની ખિદમતમાં થોડા સમય બેસવું એ હઝાર વર્ષની ઇબાદતથી બહેતર છે.

હઝરત ખ્વાજા સૈયદ શાહ મહમૂદ હરિયાઇ સરકારે બેશુમાર અરબી, ફારસી, ગુજરીમાં નાત, મનકબતો ની રચનાઓ લખી હતી. અમો આ અવસરે આપના એક બે ગુજરી ના કાવ્યો લખી રજુ કરી રહ્યા છીએ.

તિલતિલ સંવરૂ નાઉ – તેરા જગહમ પાર ઉતાર
નબી મોહંમદ મુસ્તુફા રે – સાચા ગરવા રસૂલ
મહમૂદ બંદા બિનવે – મેરી હાજત કરે કબુલ

ગુજરીના એક કલામમાં ભારોભાર નમ્રતા, દેખાય છે જે રચના નીચે પ્રમાણે છે.

મહમૂદ ભૂકે ભોજન દીજે – તરસાં દીજે પાની
ઓછા સીંતે નમકર ચલે – કોઇ મોટમ મન ન આણે

હઝરત ખ્વાજા હરિયાઇ સરકાર સાહેબની આવી સુંદ પ્રેમભાવ, મોટાઇ, ઉંચ-નીચ વગેરે કર્યા વગર માણસ બની અલ્લાહ તઆલાની હમ્દ કરે. નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી મોહબ્બત કરે. તેવી આપણને તાલીમ આપે છે. આપની આવી સુોર સુફી વિચારો જે આપે લખ્યા છે. તે દર અસલ કુર્આને પાક હદીષશરીફ નો સાર જ છે.

આ કિતાબનું ગુજરાતી વાંચક વર્ગને ખાસ કરી ગુજરી ભાષાના સાહિત્યકારો, સંશોધકો માટે અનમોલ ખજાનો પ્રાપ્ત થશે. ગુજરાત કોલેજના વિદ્વવાન પ્રો.જનાબ કાઝી સૈયદ નસીરમીયાં મહમૂદમીયાં અલ કાદરી (ચિશ્તી કલોલવી સાહેબ) ના અમો ઋણી છીએ કે તેઓએ આ જુની દુલર્ભ ભાષા ગુજરી કિતાબનું મૂળ શબ્દો સાથે તેના અર્થો સમજાવી ગુજરી નો નવું રૂપ આપી હઝરત ખ્વાજા હરિયાઇ સાહેબની વાણી (બોલ) અમોને સરળ સમજાવવા ખુબ જ વર્ષો જુની ગુજરી ભાષાના શબ્દ કોષ ન હોવા છતાં રાત-દિવસ મેહનત કરી છે. તે બદલ અમો તેઓના આ જીવન એહસાનમંદ છીએ.

AD

